**<u>ભરૂચના મહે.લેબર કોર્ટ–નં.૨ ના ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

આંક– ૧૧

**<u>ફોજદારી કેસ નં.૩૯૯/૨૦૨૨.</u>**

**<u>ફરીયાદી</u>:** શ્રી આર.એમ.ચૌધરી
સરકારી શ્રમ અધિકારી,ભરૂચ.

વિરૂધ્ધ

**<u>આરોપી</u>:** (૧) રવીરત્ન મોટર્સ પ્રા.લી.(સંસ્થા)
યોગી પેટ્રોલપંપ સામે,એન.એચ.૪૮,ભરૂચ.

(૨) પિનાકીન શાહ(ડીરેકટર)
યોગી પેટ્રોલપંપ સામે,એન.એચ.૪૮,ભરૂચ.

**<u>હાજર રહયા</u>:** ફરીયાદી તરફે– શ્રી આર.એમ.ચૌધરી
સરકારી શ્રમ અધિકારી,ભરૂચ.

આરોપી તરફે– તરફે તેમના પ્રતિનિધિશ્રી સુનિલભાઈ વસાવા હાજર.

**ગુન્હાની વિગતઃ** બાળ મજુર અધિનિયમ ૧૯૮૬ના નિયમો ૨૦૧૭ હેડળના નિયમ–૪(૧)કલમ–૭(૨),નિયમ–૭(૩)ના ભંગ.

## —: હુકમ :—

**૧. હાલના ફરીયાદીના કેસની ટૂંકમાં હકીકત છે કે,ફરીયાદી પોતે પોતાની હોદ્દાની રૂએ ફરજ પર હતા ત્યારે આરોપીની ઉપરોકત નામવાળી સંસ્થામાં  બાળ મજુર અધિનિયમ ૧૯૮૬ના નિયમો ૨૦૧૭ હેડળના નિયમ—૪(૧)કલમ—૭(૨),નિયમ—૭(૩)ના ભંગના બદલના ભંગ બાબતની આંક —૧ વાળી ખાનગી ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે. જે અંગે અત્રેની અદાલતે આરોપીને સમન્સ પાઠવતા આરોપી જાતે અત્રેની અદાલત સમક્ષ નામ. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરોટીના હુકમ મુજબના સ્પેશિયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટમાં હાજર રહેલ છે.**

**૨. આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, અમોને અમારો ગુનો કબુલ છે. આ અમારો પ્રથમ ગુનો છે. અજાણતા અમારી ભુલ થયેલ છે. અમો નોકરીયાત વર્ગના અને કુટુંબ કબીલાવાળા માણસ છીએ. કુટુંબની જવાબદારી અમારા શીરે હોય, હળવી સજા કરવા નમ્ર અરજ છે.**

**૩. આમ, આરોપીએ સ્વેચ્છાએ ગુનો આંક—૮ અને આંક—૯ ની પ્લીડથી કબુલ કરેલ છે.તેમજ ગુન્હા બદલ હદયપુર્વક પસ્તાવો વ્યકત કરે છે. તે હકીકત તેમજ આંક—૧૦ થી કબુલાત પુરસીસમાં જણાવેલ કારણોસર આરોપીનો આ પ્રથમ ગુનો હોય, સ્વૈચ્છીક કબુલાત સ્વિકારી, ગુનો સાબીત માની, ગુજરાત રાજયની નામદાર વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂધ્ધ નટવરલાલ હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં સ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા હળવી સજા કરવાપાત્ર હાલનો કેસ યોગ્ય જણાય છે.આથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.**

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપીનં.૧ને આજરોજના નામ. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરોટીના હુકમ મુજબના સ્પેશિયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટમાં બાળ મજુર અધિનિયમ ૧૯૮૬ના નિયમો ૨૦૧૭ હેઠળના નિયમ–૪(૧)કલમ–૭(૨),નિયમ–૭(૩) તથા તે અન્વયેના નિયમના ભંગ બદલના ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીનં.૨ને આજરોજના નામ. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરોટીના હુકમ મુજબના સ્પેશિયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટમાં બાળ મજુર અધિનિયમ ૧૯૮૬ના નિયમો ૨૦૧૭ હેઠળના નિયમ–૪(૧)કલમ–૭(૨),નિયમ–૭(૩) તથા તે અન્વયેના નિયમના ભંગ બદલના ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી દંડ ન ભરેતો વધુ ૩(ત્રણ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ આજરોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

એફ.એફ.બારડોલીવાલા

તારીખ :૧૨.૧૧.૨૦૨૨. ન્યાયધીશ, લેબર કોર્ટ

ભરૂચ.